શ્રી સુરત પાંજરાપોળ

R.No.E.56, થિલ્ડ્રન ટ્રાફીક ટ્રેનીંગ પાર્કની સામે, ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧. ફોન નં. : ૨૬૬૫૭૧૦, ૯૩૭૫૭૬૩૦૦૫

જાહેર વિજ્ઞપ્તી

સુરત શહેરની ગૌપ્રેમી જનતાને જણાવવાનું કે શ્રી સુરત પાંજરાપોળ, મકરસંક્રાંતિના પાવન પ્રસંગે અમારી ચાર શાખા તથા બાર સેન્ટરો પર જાહેર જનતાને ગૌ પૂજન, ગૌ ભોજન અને ગૌ દાન નો લાભ મળે તેવી વ્યવસ્થા કરેલ છે. શ્રી સુરત પાંજરાપોળના નામથી અથવા ટ્રસ્ટના એડ્રેસથી અન્ય કોઈ સંસ્થાને દાન આપવુ નહી. અમારી ૪ શાખા અને ૧૨ સેન્ટરો પરથી અમારી સંસ્થાનો રજીસ્ટ્રેશન નંબર અને PAN નંબર લખેલી પાકી રસીદ મેળવવાનો આગ્રહ રાખો.

મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી સુરત પાંજરાપોળ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ પલસાણા તાલુકાનાં મોજે ગામ : નિયોલ નાં ખેડખાતા નં. ૬૦૯, સર્વે નં. ૧૮૮, જેનો બ્લોક નંબર : ૧૮૧ થી નોંધાયેલીં જુની શરત વાળી ખેતીની જમીન, કે જેનું ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૧-૩૧-૫૨ ચો.મી. છે તે પૈકી વણવહેંચાયેલ હિસ્સાની હે.આરે. ૦-૩૬-૧૬.૮ ચો.મી. તથા જેનો આકાર રૂા. ૧૫.૮૧ પૈસા છે તે ખેતીની ૧) શ્રી દેવજીભાઇ દુદાભાઇ પટેલ, ૨) શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ગોહિલ (એચ.યુ.એફ) ની સંયુકત પોતાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની નામેની હોવાનુ જણાવી મારા અસીલ ને વેચાણ થી આપવાનુ નકકી કરેલ છે જેના કાયદેસરના લખાણ મારા અસીલ ટુંક સમયમાં કરાવી લેનાર છે સદરહુ જમીન અંગે જો કોઇનો કશા પ્રકારનો દર દાવો, હકક હિત હિસ્સો કે બોજો, ચાર્જ કે લિયન હોય તો તેની આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં મને પુરાવા સહિત જાણ કરવી, મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો હકક હિત હિસ્સો ચાર્જ, લિયન કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, એમ ગણી મારા અસીલ સદરહુ જમીન મિલકતના કાયદેસરના લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો.

તા. ૧૨/૦૧/૨૦૨૬
ઓફીસ : ૪૦૨૦, સેન્ટ્રલ બજાર, વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર, વરાછા રોડ, સુરત. (મો.નં. ૯૫૧૦૦ ૮૭૧૩૯)

સંદીપ જે. સોજીત્રા
તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે નીચે શીડયુલમા જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત **રમેશ ભાયલભાઈ ગવળી**નાએ પોતાની માલિકીની હોવાનું જણાવેલ છે. સદરહું મિલકતતેઓએ યુનીયન બેંક ઓફ ઈન્ડિયા, હરીપુરા શાખા હાલ રામપુરા શાખા, સુરતમાં હાઈસીંગ લોન સામે મોર્ગેજ મુકેલ હતી અને મજકુર મિલકતના દસ્તાવજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજોની ફાઈલ શાખામાંથી ગુમ થયેલ છે અને હાલ જડી આવતી નથી. જેથી સદરહું મિલકત વેચાણ, બક્ષીસ, લોન માટે રજૂ કરે તો તેની સામે કોઈને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત હોય કે દરદાવો, ચાર્જ બોજા કે લીયનના હકકો નોંધાયેલા હોય તો દિવસ - ૭ માં અમારા નીચે જણાવેલ સરનામે આવી પુરાવા સહિત નોંધાવી જવા. જો ઉપરોકત મુદતમાં કોઈના કોઈપણ જાતના વાંધા આવશે નહી તો કોઈનો હકક હિસ્સો નથી તેમ માની સદરહુ મિલકતનું સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવશે અને પાછળથી કોઈના પણ કોઈપણ જાતના વાંધા ધ્યાને લેવામાં આવશે નહી જેની આથી તમામે નોંધ લેવી.

: શિડયુલ :
: મિલકતની વિગત :

વલસાડ ડીસ્ટ્રીકટના સબ ડીસ્ટ્રીકટ વલસાડના તાલુકા વલસાડના અબ્રામા ગામે આવેલી રેવન્યુ સરવે નં. ૪૯૮/૨ ની બીનખેતીની ૧૨૧૪ ચોરસ મીટર જમીન પૈકીની આ સાથેના આપને અલાયદો આપેલ નકશામાં એ. બી. સી.ડી. ની હદથી દર્શાવેલ ચોખ્ખા **પ્લોટ નં. ૬** જેનું ક્ષેત્રફળ ૧૧૯-૭૦ ચો. મી. યાને ૧૪૩.૧૯ ચોરસ વાર તથા વરાડે પડતા રસ્તાનું ક્ષેત્રફળ ૨૭-૩૧ ચો. મી. યાને ૩૩-૧૫ ચોરસ વાર એટલે ચોખ્ખા વરાડે પડતા પ્લોટ અને રોડનું કુલ ક્ષેત્રફળ ૧૪૭-૪૧ ચો. મી. યાને ૧૭૬-૩૧ ચોરસ વાર જમીન તેના લાગતા વળગતા તમામ હકકો સહિતની કુલ્લે દરોબસ્ત.

: ખોવાય ગયેલ દસ્તાવેજની વિગત :

૧) વેચાણ દસ્તાવેજ નં. ૨૯૫૩, તા. ૧૭/૭/૧૯૯૩ ના રોજ નોંધાયેલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પાવતી.

૫૦૧, પમો માળ, અંજની કોમ્પલેક્ષ, કૈલાશની મિઠાઈની સામે, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. - ૩૯૫૦૦૧. મો. નં. ૯૭૧૨૯ - ૦૫૬૦૪

જીમી. ડી. માંજરાવાલા
(એડવોકેટ)

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ-ડીસ્ટ્રીકટનાં મોજે.ગામ : **ટકારમા** જેનો **બ્લોક નંબર : ૨૩૧/ક** જેનું જરાયત ક્ષેત્રફળ હેકટર ૦-૨૨-૯૫ ચો.મી. આકાર રૂા.૩-૧૭ પૈસાવાળી જુનીશરતની ખેતીની જમીન બળવંતભાઈ ભીખાભાઈ વિગેરે નાઓએ તેમની માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જે અંગેની સોદાચિઠ્ઠી તારીખ : ૮/૦૧/૨૦૨૬ નાં રોજ બનાવવામાં આવેલ છે અને ટૂંક સમયમાં અમારા અસીલ મજકુર જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે, ઉપર જણાવેલ મિલકત બાબતે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દર-દાવો, મોરગેજ, ટાંચ વિગેરે હોય તો તેઓએ દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને ખુલાસો કરવો. ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક રહેલ નથી તથા તેવા તમામ હકકો જતા કરેલ યાને વેઈવ થયેલ છે. એમ સમજી વેચાણ લેનાર મુદતમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દરદાવો ચાલશે નહિં. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

સ્થળ : ઓલપાડ (તા.૧૩/૦૧/૨૦૨૬)
ઠેકાણું : ૨૦૧-૨૦૨, હિરા પન્ના કોમ્પલેક્ષ, એસ.ટી.ડેપોની સામે, મુ. તા.ઓલપાડ, જી.સુરત. મો. ૯૯૭૪૬ ૫૭૦૬૪

મારી મારફત,
હરીશ એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

મહેરબાન સુરતના ૯ માં એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં

વાદી : ઉપાબેન શાંતિલાલ પટેલ ... વિરૂધ્ધ ... પ્રતિવાદી : (૧૩) સી.એન.કે. ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી તેના વતી અને તર્ફે તેના ભાગીદારો (૧૩.૧)પુરણભાઇ ત્રિકમદાસ ચંદવાની ઉ.વ.આ.-૫૫, ધંધો : વેપાર, રહે: કેનલાનોલ શોપર્સ, કેનાલ રોડ, વેસુ, સુરત. (૧૩.૨)રાજેશભાઇ નારાયણદાસ કચ્છાની ઉ.વ.આ.-૫૦, ધંધો : વેપાર, રહે: ૫, ચાણનાટાઉન સોસાયટી,ઉધના-મગદલ્લા રોડ,સુરત.

રૂમ નં. ૧૦૧૮
સ્પે.દિ.મુ.નં.૦૬/૨૦૨૧

આ કામના વાદીએ નીચે જણાવેલી વિગત અને વર્ણનવાળી મિલકત / જમીન અંગે નીચેની વિગતે દાવો કર્યો છે.

:: જમીનની વિગત ::

ક્રમ	ગામનુ નામ	રે.સ.નંબર	બ્લોક નંબર	ક્ષેત્રફળ
૧	મોજે અલથાણ, તા.ચોર્યાસી, જી.સુરત	૧૫૧, ૧૫૨/૧-અ	૧૯૭	૧-૨૨-૪૨
૨	મોજે અલથાણ, તા.ચોર્યાસી, જી.સુરત	૧૫૨, ૧૫૩	૧૯૮	૦૦-૭૬-૯૯

સદરહું દાવાના કામે તમો પ્રતિવાદી નં. ૧૩.૧ અને ૧૩.૨ નાને દાવાનું તથા મનાઇ અરજીનું પ્રોસેસ બજવણી અર્થે મોકલાવતા પ્રતિવાદી નં.૧૩.૧ અને ૧૩.૨ ને જણાવેલ સરનામે કોઇએ ઓળખી બતાવેલ નથી અને મળી આવતા નથી જેથી વગર બજયે પરત આવેલ છે જેથી વાદીઓએ સદર દાવાના કામે સી.પી.સી. ઓર્ડર-૫, રૂલ-૨૦ મુજબ અરજી આપતા તેના ઉપર નામદાર કોર્ટે જાહેર સમન્સ પ્રસિદ્ધ કરાવવા હુકમ કરેલ છે તે અન્વયે જણાવવાનું કે, સદર દાવામાં ઉપરોકત પ્રતિવાદીઓને માંગેલી દાદ સબંધે જવાબ આપવા તમોએ જાતે અગર વકીલ મારફતે તા. ૧૨/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ દાવામાં આગળની કાર્યવાહી એકતરફી હાથ ધરશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૯ મી માહે જાન્યુઆરી, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી તથા કોર્ટનો સહી સિકકો કરી આપ્યો છે.

તૈયાર કરનાર (ડી.એમ.બલર) આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર (એમ.એસ.ગોહીલ) સુપ્રિન્ટેન્ડન્ટ | કોર્ટનો સિકકો | હુકમથી (હીના દેસાઇ) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, સુરત.

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
સેન્ટ્રલ બૈંક ઑફ ઇંડિયા
Central Bank of India

નાનપુરા શાખા : ગ્રાઉન્ડ ફલોર, નરીમન આબાદ, અઠુરાર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.

પઝેશન નોટીસ

પરિશિષ્ઠ-૪ (નિયમ ૮(૧)) (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, નાનપુરા શાખા, સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઇન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) ઠેઠળ મળેલી સત્તા સાથે ધી સિકયોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત તા. **૨૧.૦૪.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર/સહ-કરજદાર/ગિરવેદાર/ગિરવેદાર/જામીનદાર **૧. શ્રી નીહુંજ કનૈયાલાલ હલાણી, ૨. શ્રીમતી રોશની નિહુંજકુમાર હલાણીને** નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૨૨,૧૫,૪૯૫/- (રૂા. બાવીસ લાખ પંદર હજાર ચારસો પંચાણું પુરા)** ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે આધિનિયમ ધી સિકયોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ (૪) અને પેટા કલમ ૧૩ની પેટા કલમ (૪) તથા નિયમ ૮ ઠેઠળ મળેલ સત્તાની રૂએ તા. ૦૯.૦૧.૨૦૨૬ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૨૨,૧૫,૪૯૫/- (રૂા. બાવીસ લાખ પંદર હજાર ચારસો પંચાણું પુરા)** તા. ૨૧.૦૪.૨૦૨૫ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

જે ફલેટ નં. ૧૦૨, ક્ષેત્રફળ ૧૦૨૯ સ્કે. ફીટ યાને કે ૯૪.૯૯ સ્કે.મીટર, પહેલો માળ, વિશ્વાસ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લી., (વિશ્વાસ એપાર્ટમેન્ટ), બિલ્ડીંગ નં. એ/૨, સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સા ગ્રાઉન્ડ ફલોર વાળી જમીન ઉપર આવેલ બિલ્ડીંગ જે તમામ હકક અને હિસ્સા વાળી, જે સ્થિત જમીનનો આર.એસ. નં. ૨૯૮/૧/એ પૈકી સ્થિત જે ટી.પી.એસ. નં. ૧૩ (અડાજણ), ફાઈનલ પ્લોટ નં. ૨૨૬, બિન ખેતીલાયક જમીન પૈકી, અડાજણ, સુરત, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● ઉત્તરે : પ્લોટ નં. ૧૦૩ ● દક્ષિણે : મિલકત થી સંકળાયેલ ● પુર્વે : પેસેજ ● પશ્ચિમે : ખુલ્લી જગ્યા

તારીખ : ૦૯.૦૧.૨૦૨૬
સ્થળ : અડાજણ, સુરત

સહી/-
અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા

વાપી મહાનગરપાલિકા-વાપી
જાહેરાત

વાપી મહાનગરપાલિકામાં વસ્તી ગણતરી, મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા એસ્ટેટ વિભાગની કામગીરી માટે કામગીરીના જાણકાર મહેસૂલ વિભાગના નિવૃત્ત મામલતદાર તથા મહેસૂલ વિભાગના નિવૃત નાયબ મામલતદાર કક્ષાના અધિકારીશ્રીઓને ઉમર ૬૨ વર્ષથી ઓછી હોય તેવા યોગ્ય ઉમેદવારને ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે નિમણૂકથી ભરતી કરવામાં આવનાર છે. જેથી ઈચ્છુક નિવૃત અધિકારીશ્રીઓ એ વાપી મહાનગરપાલિકા કચેરીમાં જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે.

અ.નં.	જગ્યાનું નામ	સંખ્યા	માસીક પગાર (ફિક્ષ) (રૂ.)
૧	મામલતદાર (સેવા નિવૃત)	૦૧	રૂ. ૫૦૦૦૦/-
૨	નાયબ મામલતદાર (સેવા નિવૃત)	૦૧	રૂ. ૩૫૦૦૦/-

શરતોઃ-

(૧) લાયકાત ધરાવતા ઈચ્છુક અધિકારીશ્રીએ પોતાની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વાપી મહાનગરપાલિકા, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, તા. વાપી, જી. વલસાડ ખાતે સ્પીડ પોસ્ટ/રજીસ્ટર પોસ્ટથી અથવા રૂબરૂ ઉપર મોકલી આપવાની રહેશે. દરેક ઉમેદવારે કવર/પરબીડીયા ઉપર જે તે પોસ્ટ જગ્યાનું નામ લખવાનું રહેશે.
(૨) નિવૃત અધિકારીશ્રીએ પોતાની અરજી સાથે પીપીઓ નકલ, છુટા કર્યાનો ઓર્ડર તથા અન્ય જરૂરી ડોકયુમેન્ટ જોડવાના રહેશે.
(૩) ફિક્સ પગાર સિવાય અન્ય કોઈપણ ભથ્થા મળશે નહીં.
(૪) સદરહું ભરતી તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત રહેશે.
(૫) નિવૃત અધિકારીશ્રીની પસંદગીની પ્રકિયા મૌખિક રૂબરૂ ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે તેમજ પસંદગી અંગેની તમામ સત્તા પસંદગી સમિતિ વાપી મહાનગરપાલિકાને અબાધીત રહેશે. જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા - વાપી

ન. માહિતી/વલસાડ/૭૬૩/૨૦૨૬

જાહેર ચેતવણી

હમો સૈયદ ઈમામ સૈયદ મોહંમદ આથી જાહેર કર્યે છીએ કે, હમોના સીધીલીટીના વારસદારોમાં (૧)સૈયદ છોટીબેગમ ઈમામ (પત્ની), (૨) આયશાબેગમ તે સૈયદ ઈમામની પુત્રી તથા મોહમ્મદ બિલાલ શેખની પત્ની (પુત્રી), (૩)રોશનબાનુ તે સૈયદ ઈમામની પુત્રી તથા મોહંમદસબીર શેખની પત્ની (પુત્રી)તથા (૪) સૈયદ મોઈનુદ્દીન સૈયદ ઈમામ (પુત્ર) છે. આ સિવાય હમોના અન્ય કોઈ વારસદારો નથી. જેથી હમારી તમામ સ્થાઈ અસ્થાઈ મિલકત બાબતે કે હમોના નામથી અન્ય કોઈપણ વ્યવહાર હમોના ઉપરોકત વારસદારો સિવાય અન્ય કોઈપણ સાથે કોઈપણ જાતનો આર્થિક લેવડ દેવડ અંગેનો વ્યવહારસંબંધ કોઈપણ વ્યકિત કે સંસ્થાએ કરવો કરાવવો નહીં અને હમોના ઉપરોકત વારસદારો સિવાય અન્ય કોઈપણ સાથે તેવો કોઈપણ વ્યવહાર કરવામાં આવશે તો તેની જવાબદારી તેવો વ્યવહાર કરનારની રહેશે. જેની લાગતા, વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

સૈયદ ઈમામ સૈયદ મોહંમદ તા. ૧૩/૦૧/૨૦૨૬
૪/૨૫૯૫, ક્ષેત્રંજી વાડ, પંડિત ઓમકારનાથ ઠાકુર સ્કુલની પાસે, બેગમપુરા, સુરત.

હિતેશ જે. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૮૮

અમર બી. જરીવાલા
એડવોકેટ
મો. ૯૦૧૬૨૫૬૨૯૯

ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત.

જાહેર નોટિસ નો જાહેર જવાબ

જાહેર જનતાને તથા સંબંધિત તમામ વ્યકિતઓને જાણ કરવા માટે જાહેર કરવામાં આવે છે કે **તારીખ ૦૬/૦૧/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ થયેલી એડવોકેટ સાગર ઉમરાટવાળા નાઓએ** તેમના અસીલ **નિર્મલાબેન ઠાકોરદાસ ચાહવાલા** નાઓ તરફે આપેલા જાહેર નોટિસ નો વળતો જવાબ આપી જણાવવાનું કે જાહેર નોટિસ માં ઉલ્લેખિત મિલકત બાબતે કરવામાં આવેલા દાવાઓ સંપૂર્ણપણે ખોટા, ભ્રામક અને કાયદેસર આધારવિહોણા છે.આથી મારા અસીલો તરફે સ્પષ્ટપણે જાહેર કરવાનું કે ઉપરોકત જાહેર નોટિસમા દર્શાવિલ મિલકતના એકમાત્ર, સંપૂર્ણ અને કાયદેસર માલિક મારા અસીલો જ છે જે બાબત રેવન્યુ રેકોર્ડ માં સ્પષ્ટ રીતે નોંધાયેલ છે. આજદિન સુધી ઉપરોકત મિલકત ઉપર કોઈપણ અન્ય વ્યકિતનો હક, હિસ્સો કે નામ રેવન્યુ રેકોર્ડમાં નોંધાયેલ નથી.

જાહેર નોટિસમાં દર્શાવિલ વ્યકિતઓ દ્વારા કરવામાં આવેલ માલિકી, વારસાગત હક, કબજો અથવા ઉપયોગ સંબંધિત તમામ દાવાઓ અસત્ય, ગેરકાયદેસર અને અમાન્ય છે તથા અમને બંધનરૂપ નથી.

આથી, જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોકત મિલકત બાબતે જો કોઈપણ વ્યકિત જાહેર નોટિસમાં દર્શાવેલ વ્યકિતઓ સાથે ખરીદ-વેચાણ, ગીરવે, ભાડે આપવી, ડેવલપમેન્ટ કરવો કે અન્ય કોઈપણ પ્રકારની લેવડદેવડ કરશે તો તે સંપૂર્ણપણે તેમના પોતાના જોખમે રહેશે, અને તે અંગે અમારી કોઈ જવાબદારી રહેશે નહીં.

ઉપરોકત મિલકત બાબતે કોઈપણ ગેરકાયદેસર દખલ, ખોટા દાવા કે વ્યવહાર સામે મારા અસીલ યોગ્ય કાયદેસર કાર્યવાહી કરવાનો હક અબાધિત રાખે છે..

સુરત, તા. ૧૨-૦૧-૨૦૨૬ અસીલની સુચના અને ફરમાઈશથી

ઓફીસ : ૪૦૪, કેનોપસ, ઘોડદોડ રોડ, સુરત. મો. ૯૮૨૪૯ ૮૮૭૭૭.

કમલેશ એન. રાવલ
એડવોકેટ એન્ડ નોટરી

મોજે : ૪૦૬, શ્રી હરી કૃષ્ણ કોમ્પલેક્ષ, દાલગીયાનો મોહલ્લો, મહીધરપુરા, સુરત વાળી મિલકતના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, **૪૦૬, શ્રી હરી કૃષ્ણ કોમ્પલેક્ષ, દાલગીયાનો મોહલ્લો, મહીધરપુરા, સુરત**, વાળી મિલકતના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે **(૧) કિર્તન અશોકભાઈ સંઘવી, (૨) અવની અશોકભાઈ સંઘવી (૩) જીમી અશોકભાઈ સંઘવી,**નાઓએ તમામ રીતના ટાઈટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ મિલકતના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે સદરહું મિલકતની તેમને એકલાઓને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલ **ભાવીન રોહિત સુરતી**ને તમામ હકકો સહીત વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, સંબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી-પોષાકીના હકકો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ આપવા સામે કે અન્ય કોઈપણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત **દીન-૭ (સાત)** માં હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હકક-હિત-હિસ્સા, દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઉપરોકત નોટીસ મિલકતના માલીકોની સૂચના અને ફરમાઈશથી આપવામાં આવેલ છે.

તા. ૧૩/૦૧/૨૦૨૬
ઓફિસ : ૨૧૭, બીજો માળ, રીજન્ટ સ્કવેર, ડી-માર્ટની ઉપર, અડાજણ, સુરત.
મો. ૯૮૨૫૩૦૮૦૩૩

પિયુષ એમ. ગજજર
તે ભાવીન રોહિત સુરતી વિગેરેના એડવોકેટ

જમીન વેચાણ અંગે ટાઈટલ ક્લીયરની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટઃ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકેઃ ઓલપાડનાં મોજે : દીહેણનાં ખાતા નંબર : ૩૦૭૭

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકેઃ ઓલપાડનાં મોજે : દીહેણનાં ખાતા નંબર : ૩૦૭૭, જેનો રે. સર્વે નં.: ૫૨૭/૨+૫૨૮, જેનો બ્લોક નંબર : ૮૫૪/ક વાળી ટાઈટલ કલીયર ખેતીની જમીન, જેનુ કુલ સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦-૨૨-૦૦ ચો.મી. ખેતીની જમીન, જેનો આકાર રૂા.૧-૮૨ પૈસાવાળી જૂની શરતની ખેતીની પિયત જમીન (૧) જીતેન્દ્ર જેકિશનભાઈ ગોહિલ, (૨) ભુપેન્દ્ર સોમાભાઈ ચૌહાણની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન-મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો- વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સબંધ, કે દાવો, બોજો, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો- વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન માલીકની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલનાં નામે કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો-વિરોધ, દાવા-દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી. ઉપર મુજબની મીલકતનાં વેચાણ બાબતની જાહેર નોટીસ અમારી સુચના અને સંમતિથી તથા માલીકની ફરમાઈશથી આપવામાં આવેલ છે. ઉપર જણાવેલી તમામ હકીકતો અમારા જણાવ્યા મુજબ સાચી અને ખરી છે.

ઓફિસઃ ૩૩૭, એ.આર.મોલ, મોટા વરાછા, વરાછા, સુરત. મો. ૯૪૨૯૮ ૩૫૬૨૨

ડેનીશા વી. ભડીયાદ્રા
તે ખરીદનારના એડવોકેટ

:: ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને જણાવવાનું કે, **ભરૂચ જીલ્લાના હાંસોટ તાલુકાના મોજે ગામ ઉતરાજના જુનો બ્લોક નં. ૧૨૫-અ, જેનો રી-સર્વે બાદનો નવો બ્લોક નં. ૧૭૯ વાળી સુમારે હે.૦-૭૭ આરે-૧૧ ચો.મી. ક્ષેત્રફળ તથા જેનો આકાર રૂા. ૬-૫૫ પૈસાવાળી બીનખેતી પ્રિમીયમને પાત્ર ખેતીની જમીન, તેના માલીકો : (૧) મનસુખલાલ ઠાકોરલાલ શાહ, (૨) જીગ્નેશભાઈ મનસુખભાઈ શાહ, બન્ને રહે. ૧/૨, શેરી ફળિયા, મુ.પો. ભાંડુત, તા. ઓલપાડ, જી. સુરત, (૩) રાજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ, રહે. ૧૭, દીપા સોસાયટી, નવયુગ કોલેજ પાસે, રાંદેર રોડ, સુરત તથા (૪) કાંતિભાઈ ભગુભાઈ પટેલ, રહે. ઝેર ફળિયું, દિહેણ ગામ, તા. ઓલપાડ, જી. સુરતનાઓની કુલ સંપુર્ણ, અને સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલી હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત, સંબંધ દર-દાવા દુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકી ના હકક, ઈઝમેન્ટના હકક અધિકાર કે પાણીના નિકાલના કે રસ્તાના આવવા-જવાના હકકો વિગેરે હોય, તો તેવી બેંક, વ્યકિત કે સંસ્થાએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ માં લેખીત પુરાવાઓ સહીત અમો નીચે સહી કરનારને કાયદેસરના દસ્તાવેજી પુરાવાઓ સહીત રૂબરૂ મળવું. જો તેમ કરવામાં કસુર યા ચુક થ